**ટી. પી. આરીવાલા**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

કોમ્પ્યુટરાઈઝડ અપીલ અરજી ક્રમાંક : ૨૦૧૯૩૦૦૦૧૨૯
તા.૧૫/૦૬/૨૦૧૯

અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સિની.ડે.એકાઉન્ટન્ટ (ટ્રે.), હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની **આઈ.ડી. નં.૩૧૭૭** તા.૨૮/૦૩/૨૦૧૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ નં. સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૩૧૭૭, તા.૨૯/૦૩/૨૦૧૯ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટ, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૨૨૮ તા.૨૯/૦૩/૨૦૧૯ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૨ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૨૬, તા.૨૬/૦૪/૨૦૧૯
૦૩ રસીદ નં.૩૦૦/૨૦૧, તા.૦૧/૦૫/૨૦૧૯, રૂા.૨૬/– સેન્ટ્રલ ઝોન ખાતે જમા કરાવેલ.
૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૩૬, તા.૦૬/૦૫/૨૦૧૯
૦૪ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૫/૦૬/૨૦૧૯ ની અપીલ અરજી
૦૫ નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૨૫, તા.૧૭/૦૬/૨૦૧૯ જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર , સેન્ટ્રલ ઝોન મારફત તબદીલ થઈને આવેલ અપીલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૬૯ તા.૧૯/૦૬/૨૦૧૯ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૫૫, તા.૨૧/૦૬/૨૦૧૯
૦૭ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૬૨, તા.૦૨/૦૭/૨૦૧૯
૦૮ અપીલની સુનાવણી તા.૦૯/૦૭/૨૦૧૯

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની **આઈ.ડી. નં.૩૧૭૭** તા.૨૮/૦૩/૨૦૧૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી "નમૂનો–ક રજૂ કર્યાના ૩૦ દિવસમાં માહિતી મળેલ નથી, અધુરી માહિતી મળેલ છે, ખોટી માહિતી મળેલ છે, યોગ્ય જવાબ મળેલ નથી એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૧૫/૦૬/૨૦૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૫ થી મળેલ છે.

અરજદારની **આઈ.ડી. નં.૩૧૭૭** તા.૨૮/૦૩/૨૦૧૯ ની અરજીથી માહિતી માંગતી અરજી સંદર્ભ–૦૧ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સિની.ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) તરફથી નિયત સમયમાં "**પત્ર નં.એકા/આર.ટી.આઈ./૩૬, તા.૦૬/૦૫/૨૦૧૯ થી સદર અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી અરજદારને પાઠવવમાં આવેલ.**"

ત્યારબાદ અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સિની.ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) એ નિર્દિષ્ટ સમયગાળામાં સંદર્ભ–૦૪ થી આપેલ જવાબથી નારાજ છે એવું જણાવી તા.૧૫/૦૬/૨૦૧૯ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૦૬ થી તા.૨૯/૦૬/૨૦૧૯ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે હાજર રહેવા બોલાવેલ, પરંતુ અરજદારશ્રી હાજર ન રહેતા સંદર્ભ–૦૭ થી તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે નારાજગી અંગે અપીલના મુદ્દાના સમર્થનમાં રજુઆત કરવા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બોલાવવામાં આવેલ. ઉપરોકત જણાવેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર

માહિતી અધિકારી અને ઈ.ચા.સિની.ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) તેમજ અરજદારશ્રી હાજર રહયા હતા. સદર સુનાવણી દરમ્યાન અરજદારને રૂબરૂમાં માહિતી પાઠવવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**"અરજદારની તા.૨૮/૦૩/૨૦૧૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) હેઠળ અરજદારને રૂબરૂમાં વિના મૂલ્યે પુરી પાડેલ છે તેથી સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૭૪
તા.૧૯/૦૭/૨૦૧૯

(ટી.પી.આરીવાલા)
મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી, હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.... જાણ માટે.

(૦૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સિની.ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) પ્રતિ....જાણ માટે.

(૦૩) શ્રી તલ્હા ચાંદીવાલા...પ્રતિ...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

## સુરત મહાનગરપાલિકા
## હિસાબી વિભાગ (GST CELL)

**અપીલ સત્તાધિકારી અને ડે.એકાઉન્ટન્ટ,**
**હિસાબી વિભાગ (GST CELL)**
**સુરત – ૩૯૫ ૦૦૩.**

**ફોન : (ઓ.) ૦૨૬૧–૨૪૨૩૫૧–૫૫**
**એક્ષ. : ૪૧૪**


ACT/GST/OUT/86
DT:-16/08/2019

**અરજદાર :–** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

**સામાવાળા :–** જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, હિસાબી વિભાગ (GST CELL)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** માહિતી અધિકારી અધિનિયમની ૨૦૦૫ હેઠળની આઈ.ડી.નં.૨૩૦, તા.૦૧/૦૬/૨૦૧૯ ની અરજી બાબત.

**સંદર્ભ :–** (૧) આસી. લો. ઓફિસર અને સંકલન અધિકારી, આર.ટી.આઈ.સેલ (વેસ્ટ ઝોન) ના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૮૨૬, તા.૨૮/૦૬/૨૦૧૯ ની અરજદારની તબદીલ કરેલ અરજી અત્રેના ખાતાને ACT/GST/IN-500, તા.૦૧/૦૭/૨૦૧૯ ના રોજ મળેલ.
(૨) જાહેર માહિતી અધિકારીના પત્ર ંનં.વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૧૧૯૩, તા.૨૯/૦૭/૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી અત્રેના વિભાગને ACT/GST/IN-706, તા. ૩૧/૦૭/૨૦૧૯ ના રોજ મળેલ.
(૩) અત્રેની કચેરીના પત્ર નં.એકા./આરટીઆઈ/૮૫, તા.૦૬/૦૮/૨૦૧૯ મુજબ તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જાણ કરેલ.

ઉપરોક્ત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, આઈ.ડી.નં.૨૩૦, તા.૦૧/૦૬/૨૦૧૯ થી અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાએ (૧) જી.એસ.ટી. આવ્યા બાદ ઉપલબ્ધ રેકર્ડ પર લેવામાં આવતા કે ઉઘરાવવામાં આવતા ટેક્ષ અંગેના તમામ નોટિફિકેશન (૨) ગુજરાત સરકાર ઘ્વારા જી.એસ.ટી. આવ્યા બાદ નગરપાલિકા અને મહાનગરપાલિકાને ટેક્ષ લેવા માટે વિધાનસભામાં મંજુરી આપવામાં આવેલ હોય તેવા ટેક્ષના નોટિફિકેશન પરિપત્ર નોંધની નકલ (૩) વિધાનસભાએ જે ટેક્ષને મંજુરી આપી નથી પરંતુ ઉપલબ્ધ રેકર્ડ પર ઉઘરાવવામાં આવતા ટેક્ષ અંગે પરવાનગીની વિગત તેમજ (૪) ગુજરાત સરકાર ઘ્વારા જી.એસ.ટી. આવ્યા બાદ રદ કરવામાં આવેલ ટેક્ષની વિગત માંગેલ.

આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ કરેલ અરજીમાં માંગેલ માહિતી અત્રે ઉપલબ્ધ ન હોવાથી તેમજ જી.એસ.ટી. સેલ નવો ખુલેલ હોય જાહેર માહિતી અધિકારી તેમજ અપીલ અધિકારીની નિમણૂંક થઈ ન હોવાને કારણે સમયમર્યાદા પૂરી થઈ જવાથી અરજદારને તક આપીને પ્રથમ અપીલનો નિર્ણય કરવા અન્વયે અત્રેની કચેરીએ તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી અને ડે.એકાઉન્ટન્ટ સમક્ષ હાજર રહેવા અત્રેના પત્ર નં. ACT/GST/OUT-85, તા.૦૬/૦૮/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ છે. અરજદારશ્રી તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૦૪ : ૩૦ કલાકે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી નીચે મુજબની રજુઆત કરેલ છે.

" મારી મૂળ આઈ.ડી.ના સંદર્ભમાં મારી માંગણી નમૂના–ક મુજબ ગાંધીનગર વિધાનસભા ઘ્વારા મંજુરી આપતા તમામ કાગળ (નમૂના–ક) મુજબ માંગણી કરેલ છે. જે સુરત, બરોડા, અમદાવાદ (રાજયમાં આવેલ સીટી)નું નામ લખેલ નથી. જેથી સરકારશ્રીમાં જી.એસ.ટી. આવ્યા બાદ નમૂના–ક માં માંગવામાં આવેલ માહિતીની સ્પષ્ટ

માંગણી છે જે વિનામૂલ્યે  સરકારશ્રીના વિભાગ ધ્વારા આપવામાં આવે અને તમામ માહિતી આપવામાં આવે એવી મારી નમ્ર રજુઆત છે"

**—:: હુકમ ::—**

અરજદારશ્રીએ અપીલ અધિકારી સાથે સાંજે ૪:૩૦ કલાકે ચર્ચા કરેલ છે. ચર્ચા દરમ્યાન તેઓશ્રી સદર માહિતી સર્વ નગરપાલિકા અને મહાનગરપાલિકામાં કયા કયા ટેક્ષો ઉઘરાવવામાં આવે છે તેમજ ગુજરાત સરકાર દ્વારા GST આવ્યા બાદ નગરપાલિકા તેમજ મહાનગરપાલિકાને કયા ટેક્ષ લેવા માટે મંજુરી આપવામાં આવેલ છે ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા GST આવ્યા બાદ રદ કરવામાં આવેલ ટેક્ષના નામની વિગત તથા નોટિફિકેશન/પત્ર/નોંધની નકલ આપવા જણાવેલ છે. સદર તમામ માહિતી  ગુજરાત સરકાર તેમજ વિધાનસભાના સંદર્ભમાં હોવાથી અત્રેની માહિતી "NIL"  છે. જેથી અપીલ અરજી દફતરે થવા વિનંતી.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજ્યકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ,નિર્માણભવન પાછળ, સેકટર નં.૧૦–એ,ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

**અપીલ સત્તાધિકારી અને ઈ.ચા.ડે.એકાઉન્ટન્ટ**
**હિસાબી વિભાગ (GST CELL)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**(૧) જાહેર માહિતી અધિકારીશ્રી, જાણ માટે..**
**(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા પ્રતિ...જાણ માટે.**

ટી.પી.આરીવાલા
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩.

પ્રતિશ્રી,
શ્રધ્ધા કન્સ્ટ્રકશન,

નં.એકા/આરટીઆઈ/૧૬૨
તા.૨૭/૦૧/૨૦૨૦

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત

સંદર્ભ :–
૦૧ **આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૩/૧૧/૨૦૧૯ ની અપીલ અરજી**
૦૨ નં.સી./એફ.એ.પી./૩૩, તા.૧૪/૧૧/૨૦૧૯ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી મારફત તબદીલ થઈને આવેલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૫૧, તા.૧૫/૧૧/૨૦૧૯ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૩૩, તા.૦૬/૧૨/૨૦૧૯
૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૪૩, તા.૨૩/૧૨/૨૦૧૯

મહાશય,

ઉપરોકત સંદર્ભ–૦૧ અને ૦૨ હેઠળ આપશ્રીના તરફથી કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે ઉકત સંદર્ભ–૦૩ થી આપશ્રીને અત્રેની કચેરીએ તા.૧૬–૧૨–૨૦૧૯ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે હાજર રહેવા બોલાવેલ, પરંતુ આપશ્રી હાજર ન રહેતા ફરી એક વધુ તક આપી નીચે સહી કરનાર સમક્ષ રૂબરૂ તા.૩૦–૧૨–૨૦૧૯ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે હાજર રહેવા બોલાવેલ.

તા.૩૦–૧૨–૨૦૧૯ ના રોજ થયેલ ચર્ચા દરમ્યાન માંગવામાં આવેલ માહિતી હિસાબી વિભાગના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર તા.૧૩–૦૧–૨૦૨૦ ના રોજ આપશ્રીને વિનામૂલ્યે રૂબરૂમાં પાઠવવામાં આવેલ છે, જેથી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે, જે આપશ્રીની જાણ માટે.

(ટી.પી.આરીવાલા)
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.... જાણ માટે.

www.suratmunicipal.gov.in EPABX 2423751 Ext.243 Fax : (261) 2451935, 242 2110

ટી.પી.આરીવાલા
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩.

પ્રતિશ્રી,
લક્ષ્મણભાઈ રામભાઈ જલુ,

નં.એકા/આરટીઆઈ/૧૬૧
તા.૨૭/૦૧/૨૦૨૦

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત

સંદર્ભ :– ૦૧ **આપશ્રીની આર.ટી.આઈ.એકટ હેઠળની તા.૦૮/૧૧/૨૦૧૯ ની અપીલ અરજી**

૦૨ નં.સી./એફ.એ.પી./૩૨, તા.૧૧/૧૧/૨૦૧૯ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી મારફત તબદીલ થઈને આવેલ અપીલ અરજી અત્રેના હિસાબીખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૪૭, તા.૧૧/૧૧/૨૦૧૯ થી હિસાબી ખાતામાં મળેલ છે.

૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૩૨, તા.૦૬/૧૨/૨૦૧૯

૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૪૨, તા.૨૩/૧૨/૨૦૧૯

મહાશય,

ઉપરોકત સંદર્ભ–૦૧ અને ૦૨ હેઠળ આપશ્રીના તરફથી કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે ઉકત સંદર્ભ–૦૩ થી આપશ્રીને અત્રેની કચેરીએ તા.૧૬–૧૨–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે હાજર રહેવા બોલાવેલ, પરંતુ આપશ્રી હાજર ન રહેતા ફરી એક વધુ તક આપી નીચે સહી કરનાર સમક્ષ રૂબરૂ તા.૩૦–૧૨–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે હાજર રહેવા બોલાવેલ.

તા.૩૦–૧૨–૨૦૧૯ ના રોજ થયેલ ચર્ચા દરમ્યાન માંગવામાં આવેલ માહિતી હિસાબી વિભાગના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર તા.૧૩–૦૧–૨૦૨૦ ના રોજ આપશ્રીને વિનામૂલ્યે રૂબરૂમાં પાઠવવામાં આવેલ છે, જેથી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે, જે આપશ્રીની જાણ માટે.

(ટી.પી.આરીવાલા)
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.... જાણ માટે.

www.suratmunicipal.gov.in EPABX 2423751 Ext.243 Fax : (261) 2451935, 242 2110